ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરી મતદારોની ઉદાસીનતા ગ્રામીણ વિસ્તારમાં ના પડે તે માટે પક્ષોમાં મંથન

ગાંધીનગર, તા. ૨૧

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રથમ તબક્કામાં ઓછા મતદાન પછી ચોંકી ઉઠેલા રાજકીય પક્ષોમાં આ અંગે ચિંતા ઘર કરી ગઈ છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સ્થાનિક મુદ્દાઓ પર લડાતી હોય છે પરંતુ આ ઓછા મતદાને સૌને ચિંતાતુર બનાવ્યા છે એ વાત એટલી જ ગંભીર છે.

સામાન્યતઃ વિધાનસભા કરતાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદાન વધુ થતુ હોય છે. આ વખતની ચૂંટણીમાં મોંઘવારી, કોરોના અને દંડનીય કાર્યવાહીમાં રાજકીય નેતાઓની બાદબાકી જેવા મુદ્દાઓ સામે લોકોએ નારાજગી વ્યક્ત કરતાં ઓછુ મતદાન થયુ હોવાની વાતો લોકજીભે શરૂ થઈ છે.

આ ચૂંટણીમાં બન્ને મુખ્ય પક્ષોના કાર્યકરોની નારાજગી પણ એટલો જ મહત્વનો પ્રશ્ન છે. ગુજરાતમાં જે રીતે આયારામ-ગયારામની રાજનીતિ સ્થાન લઈ રહી છે તે સામે પણ લોકોએ નારાજગી દર્શાવી હોવાની વાતો ખૂણે ખાંચરે થતી સાંભળવા મળી રહી છે.

પ્રથમ તબક્કામાં થયેલા ઓછા મતદાને રાજકીય પક્ષોને બીજા તબક્કામાં મતદાન વધુ ને વધુ થાય તે માટેની વ્યુહરચના તૈયાર કરવાની કવાયત પણ હાથ ધરી હોવાનું રાજકીય વર્તુળો કહી રહ્યા છે.

સ્થાનિકકક્ષાએ પ્રશ્નો ઉકેલવામાં થઈ રહેલા વિલંબ તેમજ તેમાં ખાવા પડતા ધક્કાઓ અને તંત્રના ઉદાસીન વલણને લઈ પણ નારાજગી મતદારોએ બતાવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

વિકાસની કોઈ રાજનીતિ આ વખતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ચાલી નથી તેવી વાતો પણ રાજકીય ગતિલારીઓમાં થઈ રહી છે. જે રીતે પ્રચાર અભિયાન કોરોનાની ગાઈડલાઈનને સાઈડલાઈન કરી અને આગળ ધપાવવામાં આવ્યુ તેની નારાજગી વધુ હોવાનું કહેવાઈ રહ્યું છે.

બીજા તબક્કાની ચૂંટણીમાં જિલ્લા-તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓ છે. રાજ્ય સરકાર માટે આ પરિણામો અને ચૂંટણી એ બન્ને લિટમસ ટેસ્ટ જરૂર છે પણ પ્રજાના પ્રશ્નો માટે સંવેદનસીલ સરકારે જે ઉદાસીનતા બતાવી અને લાલબત્તી દેખાડી છે તે સૌને માટે વિચારવા જેવી બાબત છે.

**ચૂંટણીના ઢોલ ઢબુક્યા**



બીજા તબક્કાની ચૂંટણીમાં ગ્રામીણ મતદારો અને અર્ધ શહેરી વિસ્તારના મતદારો છે. શહેરી વિસ્તારના મતદારોએ જે રીતે નારાજગી બતાવી છે તેથી રાજકીય પક્ષોએ હવે ચૂંટણીની વ્યુહરચનામાં વ્યાપક અને આમૂલ ફેરફારો કરવાની દિશામાં કવાયત હાથ ધરી છે.

ગ્રામીણ વિસ્તારોમાં વીજળી, ખેડૂત આંદોલન, પાણી, રસ્તા, બસની સુવિધા, આરોગ્ય તેમજ શિક્ષણ સેવાઓના ગુણાત્મક અને સઘનીકરણના મુદ્દાઓ પણ અટવાયેલા જ છે. આ ઉપરાંત જે રીતે મોંઘવારી વધી છે અને જનજીવન પર તેની અસરો પડી છે તેને લઈ મતદાન ઓછુ થવાની ભીતિ કેટલાક રાજકીય આગેવાનો ખાનગીમાં વ્યક્ત કરતા થયા છે.

# શહેરમાં ૫૦ ટકા જાહેર શૌચાલયોમાં સુવિધા અને સફાઈના મુદ્દે મરામત હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં વિવિધ સેક્ટરો અને જાહેર સ્થાનો પર આવેલ મનપા સંચાલિત જાહેર શૌચાલયોમાંથી ૫૦ ટકા જેટલા શૌચાલયો દુરસ્તી માંગી રહ્યા છે. હવે તેના મરામત, નિભાવણી અને જાળવણી માટે તંત્ર સફાળુ જાગ્યુ છે.

ગાંધીનગર શહેરમાં આવેલ ૫૪ જેટલા જાહેર સૌચાલયોનો તાજેતરમાં કરવામાં આવેલા શૌચાલયોમાંથી ૨૨ જેટલા શૌચાલયો સફાઈ વિનાના તેમજ પાણીની પાઈપલાઈન તુટેલી, નળ વિનાના જણાઈ આવ્યા હતા. જો કે ૪૦ જેટલા શૌચાલયોને જ સર્વેક્ષણમાં આવરી લેવાયા હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેર સ્વચ્છતા સર્વેક્ષણ માટે ઓડીએફ થ્રીસ્ટાર ધરાવે છે. શહેરમાં આ વખતે સેવન સ્ટાર મેળવવા માટે દરખાસ્ત કરી છે. જો કે શહેરમાં એક માત્ર સેવા સફાઈની આપવામાં આવી છે અને તેમ છતાંય ગાંધીનગર ક્લીન સીટી બનાવવાના સ્વપ્ન અધુરા રહ્યા છે.

શહેરમાં જાહેર ગંદકી કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે તેવી ચીમકી બાદ તંત્રએ આરંભે શુરા જેવી કામગીરી કરી પછી જે ઉદાસીનતા બતાવી છે તેને લઈ પણ નગરજનોમાં રોષ જોવા મળી રહ્યો છે. જાહેરમાં શૌચક્રિયા બંધ થઈ નથી અને ઘ રોડ પર તેમજ સેક્ટરોના અંતરિયાળ વિસ્તારો જે ડેવલપ થઈ રહ્યા છે ત્યાં આ પ્રવૃત્તિ ખુબ વધી ગઈ છે.

ગાંધીનગર શહેરમાં એક તરફ લેન્ડ ફિલ્ડનો વિવાદ ચાલે છે બીજી તરફ શહેરમાં સફાઈના મુદ્દે ભાજપના આગેવાનોએ જ જે રીતે રોષ વ્યક્ત કર્યો હતો તેનાથી તંત્રની ઉદાસીનતા છતી થઈ ગઈ છે.

ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૦ની તૈયારીઓ જોરશોરથી આરંભાઈ ગઈ છે. શહેરમાં નવા ભેળવવામાં આવેલા વિસ્તારોમાં ડોર ટુ ડોર કલેક્શનની કામગીરીનો પણ આરંભ કરવામાં આવ્યો છે અને તેની જોરશોરથી જાહેરાતો પણ કરવામાં આવી છે.

# ભાજપના મહિલા ઉમેદવારના પતિનું હૃદયરોગથી દુઃખદ અવસાન

## દહેગામ તાલુકામાં શોકની લાગણી વ્યાપી

ગાંધીનગર, તા. ૨૧

દહેગામ તાલુકાના હરખજીના મુવાડા જિલ્લા પંચાયત સીટના ભાજપના મહિલા ઉમેદવારના પતિનું ગઈકાલે રાત્રે થયેલ દુઃખદ અવસાનથી સમગ્ર તાલુકામાં શોકની લાગણી વ્યાપી જવા પામી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર જિલ્લા પંચાયતની હરખજીના મુવાડા બેઠકના ભાજપના ઉમેદવાર કાન્તાબેન ચૌહાણના પતિ મહોબતસિંહ ચૌહાણ ગઈ રાત્રે તેમના મત વિસ્તારમાં પ્રચાર અને લોકસંપર્ક અભિયાન પૂર્ણ કરી ઘરે પરત ફર્યા હતા. ત્યારે મોડી રાત્રે એકાએક હૃદયરોગનો તીવ્ર હુમલો આવતાં તેમનુ અવસાન થયુ હતુ.

તેમના અવસાનના સમાચાર મળતાં જ તેમના નિવાસસ્થાને તેમના સ્નેહીજનો, સમર્થકો તેમજ રાજકીય આગેવાનો દોડી ગયા હતા અને પરિવારને સાંત્વના પાઠવી હતી.

ઉલ્લેખનીય છે કે સ્વર્ગસ્થ મહોબતસિંહ ચૌહાણના પિતા અમરસિંહ ચૌહાણ પણ રાજકીય આગેવાન છે અને બે વખત જિલ્લા પંચાયતના સદસ્ય રહી ચુક્યા છે.

# શહેરના માર્ગો પર પાનખરે હેત વરસાવ્યુ

**સવારનો નઝારો આહલાદક : દિવસ દરમિયાન સેકટરોની શેરીઓ તેમજ વનઆરક્ષિત વિસ્તારમાં સુકાયેલા પાંદડાઓનો ઢગ : પ્રકૃતિના મિજાજને અનુરૂપ થઇ તંત્રએ પણ યોગ્ય સફાઇ હાથ ધરવાની અનિવાર્યતા**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં મોસમના બદલાતા મિજાજ વચ્ચે પ્રકૃતિનુ પણ નવુ સ્વરૂપ જોવા મળે છે. હરિયાળા વૃક્ષોની વનરાજીથી ઘેરાયેલા નગરમાં પાનખરની અસરથી ચોમેર પીળારંગના પર્ણોની પથારી જોવા મળી રહી છે. નગરના માર્ગો પર પાનખરની મોસમે હેત વર્ષાવતા વહેલી સવારે નયનરમ્ય નઝારો આકર્ષણનુ કેન્દ્ર બને છે. બીજીતરફ સેકટરોની શેરીઓ તેમજ વન આરક્ષિત વિસ્તારમાં સુકાયેલા પાંદડાઓથી કચરાનો ઢગ ખડકાયો છે. ત્યારે પ્રકૃતિના મિજાજને અનુરૂપ કચરો દુર કરી નગરને રોચક બનાવવા માટે તંત્રએ યોગ્ય સફાઈ અભિયાન હાથ ધરવાની અનિવાર્યતા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

ગાંધીનગરમાં વસંતોત્સવની ઉજવણીના પડઘમ વાગી રહ્યા છે. ત્યારે નગરના માર્ગો ઉપર પણ પાનખરની મોસમ રોજ હેત વર્ષાવી રહી હોવાના દ્રશ્યો નજરે પડે છે. હરિયાળા ગાંધીનગરમાં વિદાય લેતા શિયાળા વચ્ચે તેજ બનતા સુર્યના કિરણો સાથે પાનખરની મોસમ નિખરી છે. ઉનાળાના આગમનની મંદ મહેંક પણ વાતવારણમાં પ્રસરી રહી છે. વૃક્ષોની વનરાજીથી ઘેરાયેલા સેકટરોમાં સવારનો નઝારો પણ નયનરમ્ય જોવા મળી રહ્યો છે વૃક્ષોના સુકયેલા પર્ણોની પથારીથી સવારે સુંદરતા નિખરતા નગરમાં દિવસના પવન વચ્ચે સેકટરોમાં પાંદડાન ઢગ કચરા સ્વરૂપે ઉડતા નજરે પડે છે. ગાંધીનગરમાં દરેક મોસમનો નઝારો કાંઈ વિશેષ હોય છે. ઉનાળાની આકરી ગરમીમાં ગરમાળાના પીળા ફુલો પણ નગરના માર્ગોની સુંદરતામાં વધારો કરે છે. ત્યારે વસંતમાં સવારે પણ પીળા પાનની પથારીથી ઘેરાયેલા માર્ગોનો નઝારો પણ આકર્ષક જોવા મળી રહ્યો છે. શિયાળાની ગુલાબી ઠંડીમાં સવારે વાતાવરણમાં આછેરુ ધુમ્મસ પણ છવાયેલુ જાવા મળે છે. તો દિવસ દરમિયાન વસંતની અસરથી સેકટરોમાં વૃક્ષોના સુકાયેલા ખરતા પાંદડાઓ માર્ગ પર ફરી વળે છે. વૃક્ષોના ખરતા પાનથી વન આરક્ષિત વિસ્તાર પણ કચરાના

● અનુસંધાન પાન-૭ પર



# પેથાપુરની સૂચિત ડમ્પીંગ સાઈટ પર સામુહિક વૃક્ષારોપણ કરી ગ્રામજનો અનોખો વિરોધ નોંધાવશે

ગાંધીનગર, તા. ૨૧

પેથાપુરમાં ડમ્પીંગ સાઈટ બનાવવાના નિર્ણય સામે જે સાઈટ નક્કી કરાઈ છે ત્યાં સામુહિક વૃક્ષારોપણ કરી આંદોલનને ઉગ્ર બનાવવામાં આવશે.

ગઈકાલે મેયરે બોલાવેલી બેઠકમાં ૧૫ દિવસમાં આ અંગેનો સામાન્ય સભામાં પ્રસ્તાવ કરવાની મહેતલ આપવામાં આવી છે. આ ઉપરાંત હવે આંદોલનને ઉગ્ર બનાવવા માટે સેક્ટરે-સેક્ટરે પણ અભિયાન છેડવાનો નિર્ણય લેવાયો છે. પેથાપુરના વતનીઓ ગાંધીનગરમાં કે પેથાપુરની આજુબાજુમાં રહેતા હશે એ લોકો પણ ડમ્પીંગ સાઈટના વિરોધના આંદોલનમાં જોડાશે.

ગઈકાલની બેઠક બાદ પેથાપુરમાં નવુ સ્લોગન પણ ગુંજતુ થયુ છે. ''માતૃભૂમિ પેથાપુરના સ્વાભિમાન'' માટે કંઈ પણ કરવા પેથાપુરવાસીઓ તૈયાર છે.

પેથાપુરમાં ડમ્પીંગ સાઈટનો વિરોધ જે રીતે વધી રહ્યો છે તેથી ભાજપે પણ હવે ડેમેજ કંટ્રોલની કામગીરી માટેની નવેસરથી વ્યુહરચના તૈયાર કરવાની કવાયત હાથ ધરી છે. જો કે ડમ્પીંગ સાઈટ પર સામુહિક વૃક્ષારોપણનો કાર્યક્રમ જાહેર કરી આંદોલનકારીઓએ સૌને ચોંકાવી દીધા છે. એક તરફ શહેરમાં વૃક્ષો વિકાસના નામે કપાઈ રહ્યા છે અને શહેર હરિયાળા નગરની ઓળખ ગુમાવી રહ્યુ છે જ્યારે પેથાપુરમાં સામુહિક વૃક્ષારોપણના કાર્યક્રમને લઈ ભાજપના આગેવાનો પણ ચોંકી ઉઠ્યા છે.

# જિલ્લામાં ૩૯ ગામ એવા છે જ્યાં માનવ વસ્તી કરતાં દૂધાળા પશુઓ વધુ છે

**દહેગામ તાલુકામાં સૌથી વધુ ગામો જ્યારે અન્ય ત્રણ તાલુકામાં સિંગલ ડિજીટમાં ગામો**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં ૩૯ ગામો એવા છે જ્યાં માનવ વસ્તી કરતાં પશુધનની વસ્તી વધુ છે આ હકીકત છે. આ પશુધન એ દુધાળા પશુઓ છે.

ગાંધીનગર જિલ્લામાં કુલ ૩૦૦ જેટલા ગામો છે. જેમાંથી હમણાં ૧૯ ગામ ગાંધીનગર તાલુકાના ગાંધીનગર શહેરમાં ભેળવવામાં આવ્યા છે. એટલે ગામોની સંખ્યામાં ઘટાડો થયો છે.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે જિલ્લાના અર્થકારણમાં પશુધનનો ફાળો નોંધનીય છે. જો કે જિલ્લામાં પશુપાલનની પ્રવૃત્તિનો છેલ્લા પાંચ વર્ષમાં વ્યાપ વધેલો જોવા જરૂર મળ્યો છે. જિલ્લાના દૂધ ઉત્પાદનમાં પણ વૃદ્ધિ થઈ છે.

જિલ્લામાં ૨૦મી પશુધન વસ્તી ગણતરી પૂર્ણ થઈ ગયાને ૮ માસથી પણ વધુ સમય પસાર થયો છે પણ તેના પરિણામો હજુ જાહેર થયા નથી. આ વખતે પશુધન ગણતરી પણ ઓનલાઈન કરવામાં આવી હતી પણ પરિણામો જાહેર થયા ન હોવાની વાતને લઈ પશુપાલકોમાં નારાજગી જાહેરમાં નહિ પણ મનમાં પડેલી જોવા મળી રહી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં પશુધનની વસ્તી માનવ વસ્તી કરાતં વધુ હોય તેવા ગામો સૌથી વધુ દહેગામ તાલુકામાં છે. આ પછી માણસા અને કલોલ આવે છે. ગાંધીનગર તાલુકામાં આવા ગામોની સંખ્યા ૩ જ હોવાનું જાણવા મળેલ છે. દહેગામમાં તે ૨૧ જેટલા ગામોમાં છે. જ્યારે માણસા, કલોલ અને ગાંધીનગર તાલુકામાં તે સીંગલ ડીજીટમાં છે. જિલ્લામાં એક અંદાજ મુજબ ૧.૫૦ લાખથી વધુ પરિવારો પશુપાલન સાથે સંકળાયેલા છે. દૂધાળા પશુઓમાં ગાય, ભેંસ, બકરી અને ઘેટાનો જ સમાવેશ થાય છે. જો કે ગાય સંવર્ગના પશુધનની વસ્તી વધુ હોવાનું જાણવા મળેલ છે.



શહેરમાં મોડી રાત્રે જીઆઈડીસી વિસ્તારમાં ટાટા ચોકડીથી કોલવડા ગામ તરફ જવાના માર્ગ પર ગેસની પાઈપલાઈનમાં આગ ભભૂકી ઉઠી હતી. જો કે કોઈ જાનહાની થઈ હોય તેવુ જાણવા મળ્યુ નથી. આ બનાવની જાણ થતાં ફાયરબ્રિગેડના જવાનો આ બનાવના સ્થળે બે ફાયર ફાઈટર સાથે પહોંચી ગયા હતા.

# જિલ્લામાં નવ કેસ નોંધાયા

**જેમાં ૬ મહિલા દર્દી : ગાંધીનગર તાલુકામાં ૩ કેસ નોંધાયા : રાંધેજામાં એક અને કુડાસણમાં બે કેસ, શહેરમાં સે. ૨૦ માં બે કેસ ઉપરાંત સે. ૨૯, ૫, ૨૬ અને ૩ માંથી કેસ મળ્યા**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે વધુ નવ કેસ નોંધાયા છે. જેમાં ગાંધીનગર શહેરમાં ૬ અને ગ્રામ્ય વિસ્તારમાં ૩ કેસ નોંધાયા છે.

જિલ્લામાં કોરોના સંક્રમણ કેસોની સંખ્યામાં જે રીતે વધ-ઘટ જોવા મળી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. ગ્રામીણ વિસ્તારમાં કોરોનાના કેસોનો ઘટાડાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસો પણ ગાંધીનગર તાલુકામાં જ નોંધાયા છે. આજે નોંધાયેલા ૩ કેસમાં બે કેસ મહિલા દર્દીઓના છે. ગ્રામીણ વિસ્તારમાં કોરોના ટેસ્ટીંગના પ્રમાણમાં થયેલો ઘટાડો પણ લોકજીભે ચર્ચાનો મુદ્દો બન્યો છે.

ગાંધીનગર તાલુકામાં આજે નોંધાયેલા ૩ કેસમાંથી એક મહિલા દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આજે નોંધાયેલા ૩ કેસમાં એક કર્મયોગીઓ છે.

ગાંધીનગર તાલુકાના રાંધેજા ગામે ૬૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત કુડાસણાંથી ૫૨ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ તેમજ ૩૭ વર્ષીય ખાનગી નોકરીયાતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૦૭૮ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૨ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૬૬૪ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ આવરી લેવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૬ કેસ કોરોનાના મળી આવ્યા છે. આજે નોંધાયેલા ૬ કેસમાંથી બે દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં તથા એક દર્દીને સારવાર માટે સિવિલ હોસ્પિટલમા દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં પોલ્યુશન કંટ્રોલ બોર્ડના રિજીયોનલ ઓફિસર, સે. ૨૪ના શિક્ષિકા તેમજ ઓનલાઈન બીઝનેશ કરતા યુવાનનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૪ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. જિલ્લામાં આજે નોંધાયેલા નવ કેસમાં ૬ મહિલા દર્દીઓ હોવાથી તંત્રની ચિંતા જરૂર વધી છે.

આજે શહેરમાં સે. ૨૦ માંથી બે, સે. ૨૯, ૫, ૨૬ અને ૩ માંથી કેસો મળી આવ્યા છે.

શહેરમાં કોરોના માટે સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી કેસો મળતાં તંત્રની ચિંતા વધી છે. શહેરમાં આજે વધુ ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

# રાજ્યના પંચમહાલમાં સરકારી અનાજના જથ્થાનું કૌભાંડ

**ગોડાઉન મેનેજર રોત સહિત ત્રણ સામે ફરિયાદ : પંચમહાલના શહેરા પુરવઠા વિભાગના ગોડાઉનમાંથી પોણા બે કરોડનો ઘઉં-ચોખાનો જથ્થો સ્ટોક પત્રક કરતાં ઓછો**

પંચમહાલ, તા. ૨૧

પંચમહાલ જિલ્લાના શહેરા પુરવઠા વિભાગના ગોડાઉનમાંથી ઘઉં અને ચોખાનો જથ્થો ઓછો મળી આવ્યાના કથિત કૌભાંડમાં આખરે શહેરા મામલતદારે શહેરા પોલીસ મથકે ત્રણ વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધાવી છે.ઉલ્લેખનીય છેકે પોણા બે કરોડ રૂપિયાનો ઘઉં અને ચોખાનો જથ્થો સ્ટોક પત્રક કરતાં ઓછો મળી આવ્યો હતો. આ પ્રકરણમાં હાલ તો ગોડાઉન મેનેજર કે.એન.રોત, ગોડાઉનમાં તપાસ કરનાર સીએ ટીમના પ્રતિનિધી વિજય તેવર એન્ડ કંપની, વિશાલ શાહ વડોદરા અને ડોર સ્ટેપ ડિલિવરી કોન્ટ્રાકટર રોયલ ટ્રાન્સપોર્ટ વતી આરીફ શેખ શહેરા સામે વિશ્વાસઘાત અને ષડ્યંત્રની જોગવાઈ મુજબ ફરિયાદ નોંધાઈ છે.

શહેરા સ્થિત પુરવઠા વિભાગના ગોડાઉન માંથી જિલ્લા પુરવઠા મામલતદાર અને શહેરા મામલતદારે ગાંધીનગર કચેરીના આદેશ અન્વયે આકસ્મિક તપાસ હાથ ધરી અનાજનો જથ્થો અને સ્ટોક પત્રક ચેક કર્યા હતા.દરમિયાન ગોડાઉનમાંથી સ્ટોક પત્રક કરતાં ૧૩૧૨૭ કટ્ટા ઘઉં અને ૧૨૯૮ કટ્ટા ચોખાના ઓછા મળી આવ્યા હતા.૧.૪૬ કરોડ બજાર કિંમતનો જથ્થો ઓછો મળી આવતાં જીલ્લા પુરવઠા અધિકારી અને ઉચ્ચ કચેરીને આ બાબતનો રિપોર્ટ કરાયો હતો. દરમિયાન ગાંધીનગર કચેરીએ જવાબદારો સામે પોલીસ ફરિયાદ નોંધવવા સૂચના આપી હતી.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com